# તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૨૫

# અગ્રતા ક્રમ –૮

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૦૫/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :– "આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુકત હોસ્પિટલ"**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી અમિતભાઈ ચાવડા (આંકલાવ)**

# મુળ પ્રશ્ન તથા છાપ્યા મુજબનો જવાબ

## આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ

*15/4/225 **અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ બનાવવાની મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ બનાવવાની મંજૂરી સમિતિએ તા.૨૫–૦૪– ૨૦૨૩ના રોજ આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત હોસ્પિટલ ક્યા સ્થળે કેટલા ખર્ચે બનાવવાનું આયોજન છે, | (૨) ઉક્ત હોસ્પિટલ ગુજરાત પશુ ચિકિત્સાલય અને પશુપાલન મહાવિદ્યાલય યુનિવર્સીટી, આણંદ કેમ્પસમાં આવેલ ખુલ્લી જગ્યા પર બોરસદ ચોકડી, આણંદ ખાતે રૂ.૧૬૦.૫૯ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરીનું ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) ઉક્ત હોસ્પિટલની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને કાર્યરત કરવામાં આવશે? | (૪) ટેન્ડર મંજુર થયેથી વર્ક ઓર્ડર આપ્યેથી બે (૨) વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

# પુરક નોંધ

## આણંદ ખાતે જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલની પુરક માહિતી

- ૧૯૯૭ માં ખેડા જીલ્લામાંથી આણંદ એક સ્વતંત્ર જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો.
- વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદના તા.૧૮/૦૯/૧૯૯૯ ના હુકમથી પેટલાદની અધીક્ષક વર્ગ–૧ની જગ્યાને મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન વર્ગ–૧ તરીકે અપગ્રેડ કરવામાં આવેલ. આ અન્વયે જિલ્લા હોસ્પિટલને અનુરૂપ તમામ વહીવટી તથા અન્ય કામગીરી પેટલાદના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન દ્વારા ત્યારથી કરવામાં આવે છે.
- વિભાગના તા.૧૭/૧૧/૨૦૦૯ના ઠરાવથી આણંદ જીલ્લાના મુખ્ય મથક આણંદ ખાતે જ જીલ્લા કક્ષાની હોસ્પિટલનુ બાંધકામ કરવા માટે રૂ. ૨૦૦.૦૦/– લાખની વહીવટી અને નાણાંકિય મંજુરી આપવામાં આવેલ.
- વિભાગના તા.૧૫/૦૬/૨૦૧૭ના ઠરાવથી આણંદ ખાતે ૧૦૦ પથારીને અનુરૂપ માનવ બળ માટે રૂ. ૭૫.૦૦/– લાખની વહીવટી અને નાણાંકિય મંજુરી આપવામાં આવેલ. આ ઠરાવ મુજબ સરકાશ્રી દ્વારા વર્ગ–૧ ની ૮ જગ્યા, વર્ગ–૨ ની ૧૨ જગ્યાઓ વર્ગ–૩ ની ૬૪ જગ્યાઓ અને વર્ગ–૪ ની ૫૭ જગ્યાઓ મળી **કુલ–૧૪૧ જગ્યાઓનુ મહેકમ મંજુર** કરવામાં આવેલ છે.

- ➢ કલેકટરશ્રી દ્વારા જમીન ફાળવણી થાય અને તેના પર નવી હોસ્પિટલનું બાંધકામ કરી કાર્યાન્વિત કરવામાં સમય લાગે તેમ હોવાથી આણંદ જીલ્લાના નાગરીકોને આરોગ્ય સેવાઓ નિયમીતપણે મળી રહે તે લોકહિતને ધ્યાનમાં રાખી નવી જીલ્લા હોસ્પિટલ કાર્યરત થાય ત્યાં સુધી આણંદ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલને જીલ્લાકક્ષાની હોસ્પિટલના દરજ્જાની સેવાઓ ઉપલબ્ધ કરાવવા નિર્ણય લેવામાં આવેલ જે અન્વયે આણંદ નગરપાલિકા સાથે સમજુતી કરાર (MoU) કરવામાં આવેલ છે.

  આ સમજુતિ કરાર અન્વયે દર વર્ષે ૩.૭૫ લાખ આણંદ નગરપાલિકાને આપવામાં આવે છે.

- ➢ **આણંદ જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવાના અવરોધરૂપ કારણો :-**

- ➢ કલેકટરશ્રીના તા. ૦૧/૦૨/૨૦૧૭ના હુકમથી અન્વયે મોજે નાવલી તા.જી આણંદ ખાતે જીલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા જમીન ફાળવવામાં આવેલ જે મુખ્ય મથકથી અંદાજે ૯-કી.મીના અંતરે આવેલ હોવાથી દર્દીઓને આવાગમનમા મુશ્કેલી પડે અને ફાળવેલ જમીન સમથળ ન હોઇ પી.આઇ.યુ.ના હોસ્પિટલ બનાવવાના માપદંડ મુજબ અનુકુળ ના હોઇ આ જગ્યાએ હોસ્પિટલ બનાવેલ ન હતી.

- ➢ ત્યારબાદ કલેકટરશ્રી દ્વારા તા- ૦૩/૦૫/૨૦૧૮, તથા તા-૨૩/૦૯/૨૦૨૦થી આણંદ ખાતે લોટેશ્વર તળાવની બાજુમાં વ્યાયામશાળાની જગ્યા ફાળવેલ પરંતુ આ જગ્યા આણંદ શહેરની મધ્યમાં હોઇ ટ્રાફિક તથા પાર્કિંગના કારણોસર હોસ્પિટલ

માટે અનુકુળ જણાયેલ ન હોવાથી હોસ્પિટલનુ બાંધકામ થઇ શકેલ નહી .

- ત્યારબાદ ગુજરાત પશુ ચિકિત્સાલય અને પશુપાલન મહાવિદ્યાલય યુનિવર્સીટી આણંદ કેમ્પસ પૈકીની ૨૯૭૩૮ ચો.મી જમીનની ફાળવણી થયેલ છે. જે રેલવે સ્ટેશન– ૩.૬ કિ.મી, બસ સ્ટેશન– ૩.૩ કિ.મી અંતરે છે.

➢ જમીન કલેક્ટરશ્રીના તા. ૦૧/૦૨/૨૦૨૩ના હુકમથી ફાળવેલ છે. આ જગ્યા ઉપર જીલ્લાકક્ષાની હોસ્પિટલનું બાંધકામ કરવામાં આવનાર છે.

**બજેટ મુજબ જોગવાઇ રકમ:–**

| **વર્ષ** | **જોગવાઇ રકમ રૂ. લાખમાં** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૦૦.૦૦ |
| ૨૦૧૯–૨૦ | ૦.૧૦ |
| ૨૦૨૧–૨૨ | ૫૦.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૧૦૦.૦૦ |
| ૨૦૨૩–૨૪ | ૧૦૦૦.૦૦ |
| **કુલ :–** | **૧૪૫૦.૧૦** |

➢ **સુધારેલ વહીવટી મંજૂરી રૂ. ૧૬૦૫૮.૭૪ લાખની મળેલ છે.**

➢ **ફાળવેલ જગ્યાની ભૌતિક સ્થિતિ–:**

નવિન ફાળવેલ જમીન ઉપરના સ્થિત રહેણાંક માટેના કુલ–૮૪ નંગ જર્જરીત સ્ટાફ ક્વાર્ટર્સના મકાનો તોડવાની તથા યુટીલિટી લાઇન શિફ્ટિંગની કામગીરી જેવી કે વિજ લાઇન, વિજ પોલ, બી.એસ.એન.એલની (ટેલીફોન) લાઇન, હીડન ગેસ પાઇપ લાઇન, ડ્રેનેજ લાઇન વિ. દુર કરવાની કામગીરી તા–૨૦–૦૭–૨૦૨૩ પૂર્ણ થયેલ છે. નવિન ફાળવેલ જમીન પર થયેલ પ્લાનીંગ

મુજબ નડતરરૂપ વૃક્ષો આશરે–૧૨૫ નંગ દુર કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે.

- **બાંધકામની ભૌતિક સ્થિતિ –:**

  જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે ૨૦૦ બેડેડ હોસ્પિટલ માટેની અંદાજીત રકમ રૂ. ૧૫૦.૭૫ કરોડ તથા જિલ્લા કક્ષાની ૫૦ બેડેડ આયુર્વેદિક હોસ્પિટલ માટેની અંદાજીત રકમ રૂ. ૧૩.૧૫ કરોડનું ભેગુ ટેન્ડર કુલ રૂ. ૧૬૩.૯૦ કરોડનું થયેલ છે તથા ઈજારદારશ્રી તરફથી ભરેલ કુલ રૂ. ૧૪૦.૯૫ કરોડનું (૧૪.૦૦% નીચા ભાવે) ટેન્ડર તા.૩૦/૧૧/૨૦૨૩થી ટેન્ડર એજન્ડા કમિટીમાં મંજુરી મળેલ છે તથા સરકારશ્રીમાંથી મીનીટસ ઓફ મીટીંગને મંજુરી મળ્યેથી અને ટેન્ડર મંજુર થયેથી, વર્ક ઓર્ડર આપ્યેથી બે (૨) વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ :** ૮

**પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૨૨૫

**તા. ૦૫/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી :** શ્રી અમિત ચાવડા (આંકલાવ)

**પ્રશ્ન:–** “આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુકત હોસ્પિટલ”

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સરકારી હોસ્પિટલ, આણંદની હયાત ૧૫૦ પથારીની સુવિધા ઉપરાંત વધારાની ૫૦ પથારી મંજુર કરી જીલ્લાકક્ષાની હોસ્પિટલ બનાવવા માટે સરકારશ્રી દ્વારા ક્યારે મંજુરી આપવામાં આવી અને અત્યાર સુધી કેટલી રકમ ફાળવવામાં આવેલ છે ? | શ્રી વિપુલભાઇ પટેલ, સોજીત્રા |

| | | |
|---|---|---|
| ૨ | આણંદ જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે? | શ્રી યોગેશભાઇ પટેલ, આણંદ |
| ૩ | આણંદ જિલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, અંદરના દર્દી, પ્રસુતિ,લેબ ટેસ્ટ, ઓપરેશન અને ડાયાલીસીસ કરવામાં આવેલ છે? | શ્રી કમલેશભાઇ પટેલ, પેટલાદ |

**અગ્રતા ક્રમાંક–૮**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૨૨**
**આરોગ્ય વિભાગ**
**તા.૦૫/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન : ૧ (શ્રી વિપુલભાઇ પટેલ, સોજીત્રા)**

- સરકારી હોસ્પિટલ, આણંદની હયાત ૧૫૦ પથારીની સુવિધા ઉપરાંત વધારાની ૫૦ પથારી મંજુર કરી જીલ્લાકક્ષાની હોસ્પિટલ બનાવવા માટે સરકારશ્રી દ્વારા ક્યારે મંજુરી આપવામાં આવી અને અત્યાર સુધી કેટલી રકમ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ :**

- સરકારી હોસ્પિટલ, આણંદ હયાત ૧૫૦ પથારીની સુવિધા ઉપરાંત વધારાની ૫૦ પથારી મંજુર કરી જીલ્લાકક્ષાની હોસ્પિટલ બનાવવા માટે સરકારશ્રી દ્દારા વર્ષ ૨૦૨૧–૨૨ માં સરકારશ્રીના આ.ક.પ.વિ.ના તા.૦૫/૦૭/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક હસપ/૧૨૨૦૨૧/ન.બા/૩૧/અ થી મંજુરી આપવામાં આવેલ છે.

➢ **<u>સરકારી હોસ્પિટલ, આણંદ</u>**ની હયાત ૧૫૦ પથારીની સુવિધા ઉપરાંત વધારાની ૫૦ પથારી મંજુર કરી જીલ્લાકક્ષાની હોસ્પિટલ બનાવવા માટે અત્યાર સુધી વર્ષ-વાર ફાળવવામાં આવેલ રકમ જોઈએ તો :-

| **વર્ષ** | **ફાળવેલ રકમ** |
| --- | --- |
| ૨૦૧૮-૧૯ | ૩૦૦.૦૦ લાખ |
| ૨૦૧૯-૨૦ | ૦.૧૦ લાખ |
| ૨૦૨૧-૨૨ | રૂ. ૫૦.૦૦ લાખ |
| ૨૦૨૨-૨૩ | રૂ. ૧૦૦.૦૦ લાખ |
| ૨૦૨૩-૨૪ | રૂ. ૧૦૦૦.૦૦ લાખ |
| **કુલ સરવાળો** | **રૂ. ૧૪૫૦.૧૦ લાખ** |

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી યોગેશભાઈ પટેલ, આણંદ)

➢ આણંદ જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે?

**જવાબ :**

➢ આણંદ જીલ્લામાં **જનરલ હોસ્પિટલ–આણંદ** તથા **પેટલાદ ખાતે એસ.એસ.જી હોસ્પિટલ** કાર્યરત છે. આ ઉપરાંત

➢ **આણંદ જીલ્લા** ખાતે ભારત સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ જોઈએ તો :–

| **સા.આ.કેન્દ્ર** | | | **પ્રા .આ.કેન્દ્ર** | | |
|---|---|---|---|---|---|
| **માપદંડ મુજબ** | **હયાત** | **વધ** | **માપદંડ** | **હયાત** | **વધ** |
| ૧૩ | ૧૪ | ૧ | ૪૯ | ૫૪ | ૫ |

**પેટા પ્રશ્ન : ૩ (શ્રી કમલેશભાઈ પટેલ, સોજીત્રા)**

- આણંદ જિલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, અંદરના દર્દી, પ્રસુતિ,લેબ ટેસ્ટ, ઓપરેશન અને ડાયાલીસીસ કરવામાં આવેલ છે?

**જવાબ :**

- આણંદ જિલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ-વર્ષમાં બહારના દર્દી, અંદરના દર્દી, પ્રસુતિ,લેબ ટેસ્ટ, અને ઓપરેશનની માહિતી જોઈએ તો :-

| **૧-જનરલ હોસ્પિટલ,આણંદ** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વર્ષ** | **બહારના દર્દી** | **અંદરના દર્દી** | **પ્રસુતિ** | **લેબ ટેસ્ટ** | **ઓપરેશન** | |
| | | | | | | **મેજર** | **માઈનોર** |
| ૧ | ૨૦૨૧-૨૨ | ૭૯૩૮૬ | ૧૬૧૭૬ | ૭૬૪ | ૨૬૨૭ | ૨૭ | ૮૧૯ |
| | ૨૦૨૨-૨૩ | ૯૪૮૮૪ | ૧૬૬૯૫ | ૧૪૧૧ | ૩૭૮૧ | ૩૮ | ૩૦૩૪ |
| | તા.૦૧/૦૪/૨૩ થી તા.૩૧/૧૨/૨૩ | ૧૦૫૯૬૨ | ૨૬૨૯૪ | ૧૩૫૫ | ૬૧૦૬ | ૮૧ | ૫૭૨૫ |

| ૨–જનરલ હોસ્પિટલ,પેટલાદ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | બહારના દર્દી | અંદરના દર્દી | પ્રસુતિ | લેબ ટેસ્ટ | ઓપરેશન | |
| | | | | | | મેજર | માઈનોર |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૯૨૧૩૦ | ૩૨૧૧૪ | ૧૧૩૪ | ૭૧૨૫ | ૧૭ | ૨૩૪૮ |
| | ૨૦૨૨–૨૩ | ૧૦૭૩૬૧ | ૨૨૩૯૯ | ૨૦૪૯ | ૬૧૧૦ | ૨૩ | ૩૨૫૦ |
| | તા.૦૧/૦૪/૨૩ થી તા.૩૧/૧૨/૨૩ | ૧૦૯૫૨૯ | ૩૮૬૮૯ | ૨૦૬૪ | ૫૨૪૪ | ૧૨ | ૩૧૪૨ |